# નિયમસંગ્રહ–૩

## નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપધ્ધતિ

**(૧) પ્રાદેશિક સાયન્સ મ્યુઝીયમની સ્થાપના અને વિકાસઃ–**

- જનસમુદાયમાં વૈજ્ઞાનિક વિચારસરણીને પોષવા
- ઉચ્ચ પ્રકારની સામાન્ય વૈજ્ઞાનિક જાગરૂકતાને પેદા કરી નિભાવવા
- શહેરી અને ગ્રામ્ય વિદ્યાર્થીઓ અને સામાન્ય જનતાના લાભ માટે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીના પ્રચાર અને પ્રસાર કરવા
- વિજ્ઞાન, પ્રૌદ્યોગિકી અને ઉદ્યોગમાં થયેલ વિકાસના ઐતિહાસિક સીમાચિન્હોને એકત્રીત કરી જીર્ણોધ્ધાર કરવા તથા સંગ્રહ કરવા
- વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન વિષયે જીજ્ઞાસા અને સર્જનાત્મકતા ઉત્પન્ન કરવા તથા તેમનો શાળા અને કોલેજના અભ્યાસક્રમમાં મદદરૂપ થાય તેવા વૈજ્ઞાનિક કાર્યક્રમો કરવા

**(૨) <u>લોકવિજ્ઞાન કેન્દ્રોઃ–</u>**

- રાજયના જુદા જુદા જિલ્લાઓમાં જીલ્લા લોકવિજ્ઞાન કેન્દ્રોની સ્થાપના કરવા માટે જુદી જુદી સંસ્થાઓ/નોંધાયેલ મંડળો/બિનસરકારી સંસ્થાઓ વિગેરે પાસેથી જાહેરાત ધ્વારા અરજીઓ મંગાવવામાં આવે છે.
- આવેલ અરજીઓ અન્વયે અરજીમાં આપેલ વિગતો તેમજ જે તે સંસ્થાની નોંધણીની વિગતો, છેલ્લા ત્રણ વર્ષના ઓડીટ અહેવાલ, જે તે જિલ્લામાં કરેલ વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ/કાર્યક્રમો, સંસ્થા પાસેની સાધન–સામગ્રી, મકાન તેમજ અન્ય દસ્તાવેજોની પ્રાથમિક ચકાસણી ગુજકોસ્ટ કચેરી ધ્વારા કરવામાં આવે છે.
- પ્રાથમિક ચકાસણીમાં યોગ્ય જણાયેલ અરજીઓ અન્વયે જે તે સંસ્થાની સ્થળ મુલાકાત લેવા માટે ગુજકોસ્ટના બે અધિકારીઓ, વિજ્ઞાન કોલેજના ડીન/આચાર્ય/પ્રતિનિધિ, જીલ્લા શિક્ષણાધિકારી/પ્રતિનિધિ, જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય/પ્રતિનિધિની બનેલી

સમિતિ દ્વારા જે તે સંસ્થાની રૂબરૂમાં સ્થળ મુલાકાત લઈ અરજી સાથે આપેલ તેમજ જણાવેલ વિગતોની ખરાઈ કરવામાં આવે છે.

- ત્યારબાદ દરેક જિલ્લાની સ્થળ તપાસ સમિતિઓની એક સંયુકત બેઠક બોલાવવામાં આવે છે. જેમાં અરજીની વિગતો તેમજ સ્થળ તપાસ અહેવાલ ધ્યાને લઈ સંસ્થાની સર્વગ્રાહી સમીક્ષા કરી કાળજીપૂર્વકની ચર્ચા–વિચારણાને અંતે સૌથી યોગ્ય સંસ્થાને જિલ્લા લોકવિજ્ઞાન કેન્દ્ર મંજુર કરવાની ભલામણ કરવામાં આવે છે.
- ત્યારબાદ 'ગુજકોસ્ટ'ના ગવર્નીગ બોર્ડ/એકઝીકયુટીવ કમિટીમાં મંજુરી આપવામાં આવે છે.

## (ગુજ્કોસ્ટ) લોક વિજ્ઞાન કેન્દ્રો અને પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્રોના જિલ્લા પ્રમાણેનાં નામ અને સંપર્ક નંબર

| અ. નં. | જિલ્લો | કોઓર્ડિનેટીગ સંસ્થાનું નામ | કોઓર્ડિનેટરનુ નામ | સંપર્ક નંબર |
|---|---|---|---|---|
| ૧ | અમરેલી | ગિરધરભાઇ સંગ્રહાલય જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, મ્યુજિયમ અને બાલભવન, અમરેલી-૩૬૫૬૦૧ | શ્રી એમ.કે. ગોનડલિયા | ૦૨૭૯૨-૨૨૨૧૧૮, ૯૪૨૬૭૧૬૨૬૮ |
| ૨ | આણંદ | સી.સી.પટેલ લોક વિજ્ઞાન કેન્દ્ર, એસ.પી. યુનિવર્સિટી, યુનિવર્સિટી બાકરોલ રોડ, વલ્લભવિધ્યાનગર, આણંદ-૩૮૮૧૨૦ | શ્રી કે.એન.જોષીપુરા | ૦૨૬૯૨-૬૫૩૩૦૮,૨૩૦૬૦૩ ૯૮૨૫૩૧૮૮૯૭ |
| ૩ | બનાસકાઠાં | જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, કિસાન ઓઇલ મિલની બાજુમાં, લક્ષ્મીપુરા, પાલનપુર - ૩૮૫૦૦૧ | શ્રી ભરતભાઇ ઠાકોર | ૦૨૭૪૨-૨૫૯૯૭૩ ૯૮૯૮૪૦૨૭૯૧ |
| ૪ | ભરૂચ | પરમ લોક વિજ્ઞાન કેન્દ્ર, | જાગ્રુતી ડી.પંડયા | ૦૨૬૪૨-૨૨૬૬૪૭, |

| | | | | |
|---|---|---|---|---|
| | | સત્યમ કોલેજ ઓફ એજ્યુકેશન મહિલા બી.એડ. કોલેજ, દિવ્યજ્યોત સંકુલ ,પ્રિતમ સોસાયટી-૧ ની નજીક , ભરૂચ | ૯૪૨૭૧૦૫૧૬૧<br>શ્રી નિલેશ ઉપાધ્યાય<br>૯૪૨૭૧૦૫૧૬૧ | ૦૨૬૪૨- ૨૨૯૬૧૮ |
| ૫ | ભાવનગર | કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, પ્લોટ નં-૨૨૩૨, ૧૩/એ , દક્ષિણામૂર્તી સોસાયટી નં - ૨ ,હિલ ડ્રાઇવ , કુલવડી, ભાવનગર | શ્રી ભાવેશ ભારડ<br>૯૪૨૬૨૫૫૯૯૯ | ૦૨૭૮૨૫૭૦૧૧૧, ૨૫૨૧૯૯૯ |
| ૬ | ડાંગ | પ્રયોસા લોક વિજ્ઞાન કેન્દ્ર, પ્રયોસા પ્રતિસ્ઠાન ડાંગ સ્વરાજ આશ્રમ , આહ્વા, ડાંગ-૩૯૪૭૧૦ | શ્રી રતિલાલ સૂર્યવંશી<br>૯૪૨૯૧૪૪૯૪૬ | ૦૨૬૩૧-૨૨૦૧૫૮,૨૨૦૧૫૦ |
| ૭ | ગાંધીનગર | નિસર્ગ લોક વિજ્ઞાન કેન્દ્ર, ૬૧/૩, ઘ-ટાઇપ ,સ્વામિનારાયણ મંદિરની નજીક , સેકટર-૨૩, ગાંધીનગર | શ્રી અનિલભાઇ પટેલ<br>૯૪૨૬૬૩૫૨૧૫ | `૦૨૩૨૩૫૨૧૫ (ઓ.)<br>૯૩૨૭૮૩૫૨૧૫ |
| ૮ | જામનગર | એમ.ડી.મહેતા જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, દરબારગઢ ,ધ્રોલ -૩૮૧૨૧૦, જામનગર | સુધાબેન ખંડેરિયા<br>૯૮૨૫૦૭૮૫૫૦<br>શ્રી સંજય પંડયા<br>૯૯૭૯૨૪૧૧૦૦ | ૦૨૮૯૭-૨૨૩૬૩૮ |
| ૯ | જૂનાગઢ | જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, પ્રેમાનંદ વિધ્યા સંકુલ ,વંઠાલી રોડ, બિલનાથ મંદિરની નજીક, જૂનાગઢ-૩૬૨૦૦૧ | શ્રી જી.કે.ભારડ<br>૯૮૨૫૦૭૬૭૬૫<br>પ્રતાપ ઓરા<br>૯૯૭૯૪૩૮૫૩૩ | ૦૨૮૭૩-૨૪૬૩૨૬ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦ | કચ્છ (ભૂજ) | કચ્છ મિત્ર લોક વિજ્ઞાન કેન્દ્ર , ઇંડિયન પ્લાનેટરી સોસાયટી ,બાલ ભવન , ખેનગાર પાર્ક, હમિરસાર તળાવની નજીક ભૂજ -૩૭૦૦૦૧ | શ્રી અક્ષય મલ્હોત્રા | ૦૨૮૩૨-૩૨૬૩૪૩<br>૯૯૨૫૧૩૯૪૨૫ |
| ૧૧ | નર્મદા | મંથન નર્મદા લોક વિજ્ઞાન કેન્દ્ર , સ્ટેશન રોડ ,જુના જિલ્લા પંચાયત કેમ્પસ , ડાક બંગલો (પરીખ પેટ્રોલ પંપની નજીક), રાજપીપળા , નર્મદા | શ્રી અભય આર કોઠારી<br>૯૮૨૫૦૬૨૪૦૯<br>ઇન્દ્રજીતસિન્હ<br>૯૯૨૪૭૪૩૦૨૭ | ૦૭૯-૨૬૭૬૬૫૭૧-૨૬૭૩૨૬૪૮ |
| ૧૨ | પાટણ | પુનાભા જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, આદર્શ વિધ્યા સંકુલ ,<br>પાટણ -૩૮૪૨૬૫ | શ્રી વિજયભાઇ ચૌધરી<br>૯૮૯૮૦૫૬૯૪૪ | ૦૨૭૬૬-૨૨૧૮૯૪,<br>૦૨૮૩૨-૩૨૬૩૪૩ |
| ૧૩ | પોરબંદર | શ્રી સહજાનંદ સ્વામી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, છાયા, શ્રી સ્વામીનારાયણ ગુરુકુલ ,છાયા રોડ, છાયા, પોરબંદર - ૩૬૦૫૭૮ | શાસ્ત્રી ભાનુપ્રસાદ સ્વામી<br>૯૮૨૫૨૩૦૪૫૧ | ૦૨૮૬-૨૨૪૫૯૭૩,<br>૨૨૪૦૯૭૧ |
| ૧૪ | રાજકોટ | ઓ.વી.શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, , નેહરુ ઉદ્યાન , રેશ કોર્શ,<br>રાજકોટ -૩૬૦૦૦૧ | શ્રી મિનેશ મેઘાણી<br>૯૮૨૪૪૫૩૯૫૦ | ૦૨૮૧-૨૪૪૯૯૪૦ |
| ૧૫ | સાબરકાંઠા | પ્રમુખ સ્વામી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, બડોલી, તા- ઇડર , સાબરકાંઠા | શ્રી પ્રવિણભાઇ દેસાઇ<br>૯૯૨૫૦૦૩૧૭૦ | ૦૨૭૭૮- ૨૩૧૩૨૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬ | સુરત | જય ભારતી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, નિરગન નિવાસ ,૩જો માળ , ડો,તિજોરીવાલા ગલી, મહિલા બેંકની નજીક ,બાલાજી રોડ ,લાલ ગેટ , સુરત | શ્રી જી.એન. કાકડિયા | ૯૪૨૮૩૯૪૫૬૬ , ૯૯૨૪૮૨૬૧૦૦ |
| ૧૭ | સુરેન્દ્રનગર | ડો.હોમીભાભા જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, જે.પી.માર્ગ -૧ ,સી.યુ.શાહ વિધ્યાલય , દુધરેજ રોડ , સુરેન્દ્રનગર | શ્રી ઘનશ્યામભાઇ મહેતા ૯૫૧૦૬૨૩૬૪૯ | ૯૪૨૮૧૯૨૧૬૩, ૯૪૨૮૧૩૦૨૯૭ |
| ૧૮ | વડોદરા | લોક વિજ્ઞાન કેન્દ્ર , આરતી સોસાયટી , આત્માજ્યોતી આશ્રમ રોડ , સુભાનપુરા, વડોદરા-૩૯૦૦૨૩ | શ્રી જિતેન્દ્રભાઇ ગવલી ૯૮૨૫૯૧૬૮૭૪ | ૦૨૬૫-૨૩૮૯૭૪૯ |

## લોક વિજ્ઞાન કેન્દ્રો :

## મકાન અને સાધનસામગ્રી

લોક વિજ્ઞાન કેન્દ્રો માટે પ્રાદેશિક કે જીલ્લા કક્ષાએ નીચે મુજબ મકાનની લધુતમ આવશ્યકતા રહેશે.

(અ) પ્રાદેશિક કક્ષા : પ્રયોગશાળા - ખંડ ૪ (ભૌતિક, રસાયણ, જીવ વિજ્ઞાન, ગણિત માટે), દ્રશ્ય-શ્રાવ્ય સાધનોથી સજ્જ પ્રયોગશાળા-૧, વર્કશોપ-૧, સંગ્રહ્સ્થાન - ખંડ ૧, વ્યાખ્યાન ખંડ- ૨, પુસ્તકાલય ખંડ-૧, કાર્યાલય ખંડ-૧ વગેરેનો સમાવેશ થઇ શકે તેવું સ્વતંત્ર મકાન હોવુ આવશ્યક છે.

(બ) જીલ્લા કક્ષા : પ્રયોગશાળા - ખંડ ૪, , વ્યાખ્યાન ખંડ- ૧, કાર્યાલય ખંડ-૧ તથા શક્ય હોય તો , વર્કશોપ-૧, વગેરેનો સમાવેશ થઇ શકે તેવું સ્વતંત્ર મકાન આવશ્યક છે.

સાધનસામગ્રી

<u>(અ) પ્રાદેશિક કક્ષા :</u>

(૧) ઉચ્ચતર માધ્યમિક કક્ષા સુધીનાં તમામ પ્રયોગના સાધનો.

(૨) કોમ્પ્યુટર વીથ ઇન્ટરનેટ કનેકટીવીટી.

(૩) મલ્ટી મીડીયા પ્રોજેકટર-૧, ઓવરા હેડ પ્રોજેકટર-૧, સ્લાઇડ પ્રોજેકટર-૧.

(૪)ટી.વી., વી.સી.આર, સ્ક્રીન, રેડીયો, ટેપ, સાઉંડ સીસ્ટમ.

(૫) વર્કશોપ માટેના આવશ્યક સાધનો.

(૬) ૪૦ થી ૫૦ વર્કીંગ મોડેલ્સ સાથેનું સંગ્રહસ્થાન

(૭) ૩ થી ૪ હજાર પુસ્તકો તથા ૪૦ થી ૫૦ સામયિકો સાથેનું વાંચન સુવિધા ધરાવતું પુસ્તકાલય

(૮) પ્રયોગશાળા માટે આવશ્યક ફર્નિચર

<u>(બ) જીલ્લા કક્ષા :</u>

(૧) માધ્યમિક શિક્ષણ કક્ષા સુધીનાં પ્રયોગના સાધનો.

(૨) મલ્ટી મીડીયા પ્રોજેકટર-૧,

(૩) ઓવરા હેડ પ્રોજેકટર-૧, સ્લાઇડ પ્રોજેકટર-૧. તથા સ્ક્રીન

(૪)ટી.વી., વી.સી.આર, સ્ક્રીન, સાઉંડ સીસ્ટમ.

(૫) ૨૫ થી ૩૦ વર્કીંગ મોડેલ્સ સાથેનું નાનું સંગ્રહસ્થાન

(૬) ૧૦૦૦ જેટલા વિજ્ઞાન વિષયક પુસ્તકો તથા ૨૦ થી ૨૫ સામયિકો સાથેનું વાંચન સુવિધા ધરાવતું પુસ્તકાલય

(૭) નાનકડી કાર્યશાળા (વર્કશોપ) અથવાઆવશ્યક સાધનો.

## (૩) <u>ગણિત - વિજ્ઞાન પ્રશ્નોત્તરી કાર્યક્રમ</u> :–

ગુજકોસ્ટ દ્વારા ૮-૯-૧૦ના વિધાર્થીઓ માટે ગણિત વિજ્ઞાન પ્રશ્નોત્તર કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા છે. તેમાં વિધાર્થીઓના અભ્યાસક્રમમાં આવતાં પ્રશ્નો અને દાખલાઓના જવાબ મેળવવામાં આવે છે. તેથી વિધાર્થીઓને વિધાર્થીઓમાં રસ વધે છે. અને તેઓ મુળભૂત વિજ્ઞાનને આધારિત કારકિર્દી બનાવવાની પ્રેરણા મેળવે છે. આ કાર્યક્રમોનું ગાંધીનગરનાં બાયસેગ સ્ટુડીયો દ્વારા તૈયાર કરવામાં આવેલા કાર્યક્રમો એડુસેટ ચેનલ પર દર સોમવારે બપોરના ૩-૦૦ થી ૪-૩૦ દરમિયાન બતાવવામાં આવે છે.જવાબ ધરાવતું પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન જો તે વિષયના નિષ્ણાતો રજૂ કરે છે. આજ કાર્યક્રમો ડીડી-૧૧ (ગિરનાર) ચેનલા પર દર રવિવારે ૧-૦૦ થી ૨-૩૦ દરમિયાન પુન: પ્રસારણ કરવામાં આવે છે.

ગણિત વિજ્ઞાન પ્રશ્નોત્તરી કાર્યક્રમ અંતર્ગત વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન અત્યારસુધીમાં ૩૫ એપિસોડ પ્રસારિત કરવામાં આવ્યા છે

(૪) **સેમીનાર/સીમ્પોઝીયા/વર્કશોપ/તાલીમ કાર્યક્રમ** :–

- વિજ્ઞાન અને ટેકનોલોજીને લગતા સેમીનાર/સીમ્પોઝીયા/વર્કશોપ/તાલીમ કાર્યક્રમો માટે સહાય મેળવવા જુદી જુદી સંસ્થાઓ/યુનિવર્સિટીઓ/કોલેજોમાંથી નિયત ફોર્મમાં આવેલ અરજીઓની ચકાસણી ગુજકોસ્ટના અધિકારીઓ ધ્વારા કરવામાં આવે છે.
- વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીને લગતા ઉભરતા ક્ષેત્રોને ધ્યાનમાં રાખી સેમિનારમાં ભાગ લેનારની સંખ્યા, તજજ્ઞો તથા થનાર કુલ ખર્ચ વગેરેને ધ્યાનમાં લઈ સલાહકારશ્રી/ એકઝીકયુટીવ કમિટી/ગવર્નીગ બોર્ડ ધ્વારા મંજુરી આપવામાં આવે છે.

(૫) **સાયન્સ અને ટેકનોલોજી દિવસોની ઉજવણી** :–

વિકાસ પામી રહેલા વિસ્તારોમાં વિજ્ઞાન અને ટેકનોલોજીને ઉતેજન આપવા માટે વિવિધ વિજ્ઞાન સંસ્થાઓ, એન્જીનીયરીંગ, ફાર્મસી યુનિવર્સીટીઓ અને વિભાગો તરફથી વિજ્ઞાન અને ટેકનોલોજીને લગતા વિવિધ વિષયો પર ચર્ચાસભાઓ, તાલીમશિબિરો, પ્રવચનો, કાર્યશાળાઓ યોજવાના પ્રસ્તાવોને ગુજકોસ્ટ પ્રોત્સાહન આપે છે. અને આર્થીક મદદ પણ કરે છે.

વિજ્ઞાન અને ટેકનોલોજીના ઉભરતા ક્ષેત્રોના જુદા જુદા વિષયોના સેમિનાર/સિમ્પોઝિયા/ કાર્યશાળા/તાલીમ કાર્યક્રમોને ઉતેજન અને પ્રોત્સાહન આપવા માટે યુનિવર્સીટીઓ અને કોલેજોને આર્થિક સહાય આપવામાં આવશે. ગુજકોસ્ટ બધા અલગ અલગ જિલ્લાઓમાં યુનિવર્સીટીઓ અને કોલેજોના માધ્યમથી ઇન્ટરનેશલ સેમીનાર ૨૦ થી ૨૫ અને નેશનલ સેમીનાર ૪૦ થી ૫૦ તેમજ ૫૦ થી વધારે રીઝયોનલ અથવા સ્ટેટ લેવલ કક્ષાના સેમિનાર સિમ્પોઝીયાનું આયોજન કરવામાં આવે છે.

- દર વર્ષે ૨૮મી ફેબ્રુઆરીએ ડૉ.સી.વી. રામનની યાદમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવવામાં આવે છે તેમજ ૧૧મી મે એ ટેકનોલોજી દિવસની ઉજવણી કરવામાં આવે છે. જેમાં લોકવિજ્ઞાન કેન્દ્રોની મદદથી વૈજ્ઞાનિક પ્રદર્શન, ભાષણો વકતૃત્વ સ્પર્ધાઓ, સ્લાઈડ શો વિગેરેનું આયોજન કરવામાં આવે છે.

- આ ઉપરાંત ઓઝોન દિવસ, પર્યાવરણ દિવસ તથા અન્ય વૈજ્ઞાનિક દિવસો વિગેરેની પણ ઉજવણી લોકવિજ્ઞાન કેન્દ્રો તથા ગુજકોસ્ટ ધ્વારા કરવામાં આવે છે.

(૬) <u>સાયન્સ કવીઝ/સાયન્સ ડ્રામા/સાયન્સ જાથા/સાયન્સ સેમીનાર અને અન્ય</u> :–

- સાયન્સ કવીઝનું માળખું, બજેટ, બોલી અને શરતો, નિયમો વિગેરે તૈયાર કરી જીલ્લા સંયોજકને તેની જાણ કરવામાં આવે છે.
- માધ્યમિક શાળાઓ અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં જીલ્લા કક્ષાએ રાજય કક્ષાએ એમ બે તબકકામાં સાયન્સ કવીઝ કરવામાં આવે છે.
- જીલ્લાની માધ્યમિક અનેઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શાળા કક્ષાએ સાયન્સ કવીઝ પ્રથમ કરવામાં આવે છે અને તેમાં વિજેતા ટીમોની માહિતી જીલ્લા સંયોજકને કરવામાં આવે છે.
- જીલ્લા કક્ષાની સાયન્સ કવીઝ માટેના પ્રશ્નપત્રો ગુજકોસ્ટ કચેરી ધ્વારા તૈયાર કરવામાં આવે છે. જીલ્લા કક્ષાની સ્પર્ધા માટેની તારીખ, સ્થળ અને સમય નકકી કરી જીલ્લા સંયોજક તમામ ભાગ લીધેલ શાળાઓને તેની જાણ કરે છે.
- જિલ્લા કક્ષાની સ્પર્ધામાં વિજેતા નીવડેલ ટીમને રાજય કક્ષાની સ્પર્ધામાં બોલાવવામાં આવે છે. રાજય કક્ષાની સાયન્સ કવીઝ ગુજકોસ્ટ ધ્વારા કરવામાં આવે છે જેમાં વિજેતા થયેલ ટીમોને સ્મૃતિચિહન અને પ્રમાણપત્ર આપવામાં આવે છે.

<u>વૈજ્ઞાનિક પ્રદર્શનો :–</u>

- વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીના પ્રદર્શનો કરવાના થાય ત્યારે પ્રદર્શનોનું આયોજન કરનાર સંસ્થા પાસેથી નિયમોનુસાર જગ્યા ભાડેથી લેવામાં આવે છે.
- આ જગ્યામાં પેવેલીયન બનાવવા માટે જાહેરાત આપી ટેન્ડરો મંગાવવામાં આવે છે.
- આ બાબતે મૂલ્યાંકન સમિતિ બનાવવામાં આવે છે જેમાં દરેક ટેન્ડર ભરનાર સંસ્થા/એજન્સીને નિદર્શન માટે બોલાવવામાં આવે છે અને નિદર્શન કર્યા બાદ જે તે યોગ્ય સંસ્થા પસંદ કરી તેને કામ સોંપવાની ભલામણ કરવામાં આવે છે.
- ગવર્નીગ બોર્ડ/એકઝીકયુટીવ કમિટીની મંજુરી મેળવીને કામગીરી સોંપવામાં આવે છે.

## (૭) <u>ગુજકોસ્ટ વિજ્ઞાન કલબ :</u>

- ગુજકોસ્ટ સાયન્સ કલબ વિજ્ઞાનના પ્રચાર-પ્રસાર માટેનો એક નવીનતમ પ્રયોગ છે. સામાજીક અને આર્થિક ઉન્નતિમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીની ભૂમિકા અગ્રિમ સ્થાન ધરાવે છે. દેશનો વૈજ્ઞાનિક અને પ્રૌદ્યોગિક વિકાસ પ્રત્યેક નાગરિકના વૈજ્ઞાનિક દ્રષિટકોણ પર રહેલો છે.
- વિશ્વના સ્પર્ધત્મક યોગમાં આપણા દેશ અને રાજયના બાળકો અન્ય દેશોના બાળકોની સરખામણીનાં પ્રગતિ સાધી શકે તથા ઉભી થનારી નવી તકો વિષે જાગ્રુત થાય તેમજ તે માટે તૈયાર થાય અને વિજ્ઞાન, ટેકનોલોજીથી માહિતગાર થાય તે માટે તૈયાર કરવાના ભાગ રૂપેઆ કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ છે.
- વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન અને ગણિત જેવા વિષયોમાં અભિરૂચિ વધારવાના ભાગ રૂપે પ્રવૃત્તિ મારફતે સરળ રીતે સમજી શકાય તે માટે વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ ધ્વારા સ્કૂલ સાયન્સ કલબ ધ્વારા શીખવવાના પ્રયત્ન છે તથા આવા અઘરા જણાતા વિષયો સરળ રીતે શીખી શકાય છે તેવી મનોવૃત્તિ પેદા કરવાનો છે. ઉપરાંત નવી પેઢીની વૈજ્ઞાનિક તથ્યો આધારિત વિચારસરણી ખીલવવાનો છે.
- જાતે પ્રયોગો કરીને અનુભવ મેળવીને વિજ્ઞાન શીખે તેની પ્રેર્ણા આપવા ગુજકોસ્ટ દ્વારા ગુજરાતના વિવિધ જીલ્લાઓની ૨૦૦૦ સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કુલૂનુ નેટ્વર્ક વિજ્ઞાનનિ લગતું સાહિત્ય વિકસાવીને વિધાર્થીઓમાં વહેંચે છે. શિક્ષકો માટે તાલીમ શિબિર યોજે છે. વિજ્ઞાનની થીમ ઉપરની વિવિધ પ્રવુતિઓ અને જિલ્લાવાર હરિફાઇઓ યોજે છે.

### <u>સંશોધન અને વિકાસને ઉતેજન</u>

- સંશોધન અને વિકાસને ઉતેજન આપવા માટે ગુજકોસ્ટ દ્વારા સેન્ટર ઓફ એકસલન્સ, માઇનોર રીસર્ચ પ્રોજેક્ટ, સ્ટુડન્ટ સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રોજેક્ટ અને મૌલિક તેમજ ઉત્તમ સંશોધન માટે ડો. વિક્રમ સારાભાઇ એવોર્ડ જેવી યોજનાઓ શરૂ કરવામાં આવેલ છે.
- સંશોધન કરનાર ત્રણ વિજ્ઞાનિકોને ડો. વિક્રમ સારાભાઇ એવોર્ડ આપવા અંગેની જાહેરાત કરવામાં આવેલ છે.

- સંશોધન અને વિકાસને ઉતેજન આપવા માટે ૦૬ સેન્ટર ઓફ એકસલન્સ સ્થાપવામાં આવેલ છે.
- રાજયમાં વિજ્ઞાન અને પ્રૌધોગિકીના ક્ષેત્રમાં સંશોધનને પ્રોત્સાહ્ન આપવા માટે ૫ માઇનોર રીસર્ચ પ્રોજેક્ટ અને એન્જીનીયરીંગ/ફાર્મસીમાં ભણતાં વિધાર્થીઓને સંશોધન પ્રવૃતિઓમાં રસ કેળવવા માટે ૫૦ સટુડન્ટ સાઇ-ટેક પ્રોજેક્ટ આપવામાં આવેલ છે.

(૧) **<u>સંશોધન દરખાસ્તોઃ–</u>**

- રાજયમાં સંશોધનને પ્રોત્સાહન મળે, સંશોધન કાર્યમાં વેગ આવે, ઝડપી બને તે માટે સંશોધન કાર્ય કરતી જુદી જુદી સંસ્થાઓ/કોલેજો/યુનિવર્સિટીઓ પાસેથી જાહેરાત ધ્વારા નિયત ફોર્મમાં દરખાસ્તો મંગાવવામાં આવે છે. આ ઉપરાંત સીધે–સીધી આવેલ દરખાસ્તને પણ વિચારણામાં લેવામાં આવે છે.
- આવેલ દરખાસ્તોની પ્રાથમિક ચકાસણી ગુજકોસ્ટના અધિકારીઓ ધ્વારા કરવામાં આવે છે.
- આવેલ દરખાસ્તો અન્વયે જે તે વિષયના નિષ્ણાતોની એક સમિતિની રચના કરવામાં આવે છે જેની સમક્ષ દરખાસ્ત કરનાર મુખ્ય સંશોધકને નિદર્શન કરવા માટે બોલાવવામાં આવે છે.
- નિદર્શન બાદ સમિતિએ કરેલ ભલામણ અન્વયે ગુજકોસ્ટની ગવર્નીંગ બોર્ડ/એકઝીકયુટીવ કમિટીમાં મંજુરી મેળવવામાં આવે છે.
- ગવર્નીંગ બોર્ડ/એકઝીકયુટીવ કમિટીએ મંજુર કરેલ દરખાસ્ત અન્વયે જે તે સંસ્થાના વડા અને મુખ્ય સંશોધકે 'ગુજકોસ્ટ' સાથે મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ કરવાનું હોય છે.
- ત્યારબાદ આર્થિક સહાય છૂટી કરવાની કાર્યવાહી કરવામાં આવે છે.

(૨) **<u>સેન્ટર ઓફ એકસલન્સ</u> :–**

વિજ્ઞાન અને ટેકનોલોજીનના વિકાસ પામી રહેલા ચોક્કસ ક્ષેત્રોમાં સેન્ટર ઓફ એકસેલન્સ કૌશ્લ્ય કેન્દ્રો બનાવવા માગતી કોલેજો, યુનિવર્સીટીઓ, સંશોધન અને વિકાસ સંસ્થાઓને ગુજકોસ્ટ આર્થીક સહ્રાય કરી રહ્રી છે.

નેનો ટેકનોલોજીમાં સંશોધનની પ્રવુતિ કરવા માંગતી પાંચ યુનિવર્સીટીઓને ગુજકોસ્ટ દ્વારા આશરે ૨૪૭.૩૨ લાખ રૂપિયાની સહ્રાય કરી છે.

વિજ્ઞાનના ઉભરતા ક્ષેત્રોમાં સેન્ટર એકસલન્સની સ્થાપના કૂલ ૬ (છ) યુનિવર્સિટીઓ ખાતે કરવામાં આવી છે.

(૧) સરદાર પટેલ યુનિર્વસિટી,આણંદ, (૨) ગુજરાત યુનિર્વસિટી, અમદાવાદ, (૩) ભાવનગર યુનિર્વસિટી, (૪) એમ.એસ. યુનિર્વસિટી ઓફ બરોડા, (૫) સૌરાષ્ટ્ર યુનિર્વસિટી,રાજકોટ, (૬) ધર્મસિંહદેસાઇ,યુનિર્વસિટી, ખેડા.

- વિજ્ઞાન અને ટેકનોલોજીના ઉભરતા ક્ષેત્રોમાં સંશોધન કાર્ય માટે સેન્ટર ઓફ એકસલન્સની સ્થાપના કરવા માટે સંશોધન કાર્ય કરતી સંસ્થાઓ /કોલેજો/યુનિવર્સિટીઓ વૈજ્ઞાનિકો પાસેથી જાહેરાત ધ્વારા નિયત ફોર્મમાં દરખાસ્તો મેળવવામાં આવે છે.
- આવેલ દરખાસ્તોની ચકાસણી ગુજકોસ્ટના અધિકારીઓ ધ્વારા કરવામાં આવે છે.
- જે તે વિષયની દરખાસ્તો અન્વયે નિષ્ણાત સભ્યોની નિષ્ણાત સમિતિની રચના કરી આ સમિતિ સમક્ષ મુખ્ય સંશોધકે નિદર્શન કરવાનુ હોય છે.
- નિદર્શન બાદ નિષ્ણાત સમિતિએ કરેલ ભલામણ મુજબ ગુજકોસ્ટના ગવર્નીગ બોર્ડ/એકઝીકયુટીવ કમિટીની મંજુરી મેળવવામાં આવે છે.
- મંજુર થયેલ દરખાસ્ત અન્વયે સંસ્થાના વડા, મુખ્ય સંશોધકે 'ગુજકોસ્ટ' સાથે મેમોરન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ કરવાનુ હોય છે. ત્યારબાદ આર્થિક સહાયની ચૂકવણી કરવામાં આવે છે.
- 'સેન્ટર ઓફ એકસલન્સ' મંજુર થયા બાદ બીજા વર્ષની ગ્રાન્ટ માટે નિષ્ણાતોની સમિતિ સ્થળ મુલાકાત લઈ મૂલ્યાંકન કરે છે. ત્યારબાદ મુખ્ય સંશોધકને નિદર્શન કરવા માટે બોલાવવામાં આવે છે. ત્યારબાદ નિષ્ણાત સમિતિએ કરેલ ભલામણ અન્વયે ગુજકોસ્ટના ગવર્નીગ બોર્ડ/ એકઝીકયુટીવ કમિટીની મંજુરી મેળવી આર્થિક સહાય ચૂકવવાની કાર્યવાહી કરવામાં આવે છે.

(૩) <u>માઈનોર રીસર્ચ પ્રોજેકટ</u> :–

વિજ્ઞાન અને ટેકનોલોજીને પ્રોત્સાહન અને વેગ આપવા માટે ગુજકોસ્ટ ઉર્જા, પર્યાવરણ, ફાર્મસી, તબીબ ખેતી અને ઉધોગનાં ક્ષેત્રોમાં સંશોધન કરી રહેલાં સંશોધકોને ૧૦ લાખ રૂપિયા સુધીની આર્થીક સહાય કરે છે. આ સંશોધન વિજ્ઞાન સંસ્થા, કોલેજ ઓફ સાયન્સ-એન્જીનીયરીંગ, ફાર્મસી, ની કોલેજો તથા યુનિવર્સીટીઓ દ્વારા થતું હોવું જોઇએ. આવા સંશોધનો માટેઅત્યાર સુધીમાં આવા ૯૧ નાના સંશોધન પ્રોજેક્ટ માટે ૨૦૩.૫૮ લાખ રૂપિયા ની સહાય આપી છે.

➢ રાજયમાં સંશોધનને પ્રોત્સાહન મળે, સંશોધન કાર્યમાં વેગ આવે, ઝડપી બને તે માટે સંશોધન કાર્ય કરતી જુદી જુદી સંસ્થાઓ/કોલેજો/યુનિવર્સિટીઓ પાસેથી જાહેરાત ધ્વારા નિયત ફોર્મમાં દરખાસ્તો મંગાવવામાં આવે છે. આ ઉપરાંત સીધે–સીધી આવેલ દરખાસ્તને પણ વિચારણામાં લેવામાં આવે છે.

➢ આવેલ દરખાસ્તોની પ્રાથમિક ચકાસણી ગુજકોસ્ટના અધિકારીઓ ધ્વારા કરવામાં આવે છે.

➢ આવેલ દરખાસ્તો અનવયે જે તે વિષયના નિષ્ણાતોની એક સમિતિની રચના કરવામાં આવે છે જેની સમક્ષ દરખાસ્ત કરનાર મુખ્ય સંશોધકને નિદર્શન કરવા માટે બોલાવવામાં આવે છે.

➢ નિદર્શન બાદ સમિતિએ કરેલ ભલામણ અન્વયે ગુજકોસ્ટની ગવર્નીંગ બોર્ડ/એકઝીકયુટીવ કમિટીમાં મંજુરી મેળવવામાં આવે છે.

➢ ગવર્નીંગ બોર્ડ/એકઝીકયુટીવ કમિટીએ મંજુર કરેલ દરખાસ્ત અન્વયે જે તે સંસ્થાના વડા અને મુખ્ય સંશોધકે 'ગુજકોસ્ટ' સાથે મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ કરવાનું હોય છે.

➢ ત્યારબાદ આર્થિક સહાય છૂટી કરવાની કાર્યવાહી કરવામાં આવે છે.

(૪) <u>સ્ટુડન્ટ સાયન્સ એન્ડ ટેકનોલોજી (સાય–ટેક) પ્રોજેકટ</u> :–

વિજ્ઞાન – ટેકનોલોજી અને એન્જિજનિયરીંગ કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને વિજ્ઞાન અને ટેકનોલોજીના દરેક પ્રોજેકટ માટે ગુજકોસ્ટ ૨૫,૦૦૦ રૂપિયાની આર્થિક મદદ કરે છે, જેથી તેઓ સંશોધન પ્રોજેકટ હાથ ધરવા પ્રેરાય. આ સહાય માટે વિદ્યાર્થીઓની પસંદગી નિષ્ણાતોની એક સમિતિની ભલામણના આધારે કરવામાં આવે છે. અત્યાર સુધીમાં ૧૦૫ વિદ્યાર્થીઓના સાયન્સ-ટેક પ્રોજેકટને મદદ કરવામાં આવ છે. તેમાં ૨૭ લાખ રૂપિયા ખર્ચાયા છે.

➢ રાજયમાં સાયનસ અને ટેકનોલોજીના ક્ષેત્રમાં સંશોધન કાર્યો કરતી યુનિવર્સિટીઓ/કોલેજો/સંસ્થાઓના વિદ્યાર્થીઓ માટે સંશોધન પ્રોજેકટને લઈને પ્રોત્સાહન મળે તેમજ તેમનામાં રચનાત્મક અભિગમનો વિકાસ થાય તે હેતુથી નિયત ફોર્મમાં દરખાસ્તો મંગાવવામાં આવે છે.

➢ આવેલ દરખાસ્તોની પ્રાથમિક ચકાસણી ગુજકોસ્ટના અધિકારીઓ ધ્વારા કરવામાં આવે છે.

- આવેલ દરખાસ્તો અન્વયે જે તે વિષયના નિષ્ણાંતોની એક સમિતિની રચના કરવામાં આવે છે, આ સમિતિ આવેલ દરખાસ્તોની સંપૂર્ણ મૂલ્યાંકન કરે છે.
- મૂલ્યાંકન બાદ સમિતિએ કરેલ ભલામણ અન્વયે ગુજકોસ્ટની ગવર્નીગ બોર્ડ/એકઝીકયુટીવ કમિટીમાં મંજુરી મેળવવામાં આવે છે.
- ત્યારબાદ આર્થિક સહાય છૂટી કરવાની કાર્યવાહી કરવામાં આવે છે.

(૫) <u>ર્ડા.વિક્રમ સારાભાઈ એવોર્ડ</u> :–

ઉદ્યોગ, ઉર્જા, પર્યાવરણ, બાયોટેકનોલોજી, ઇન્ફર્મેશન ટેકનોલોજીનાં ક્ષેત્રોમાં સંશોધન અને વિકાસનાં કામ થાય અને તે રીતે રાજયનો મજબૂત વિકાસ થાય તે માટે આ તમામ ક્ષેત્રોમાં સંશોધન અને વિકાસનાં કામોને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સરકારે યુવા વિજ્ઞાનીઓને ર્ડા. વિક્રમ સારાભાઇ એવોર્ડ એનાયત કરવાનું નકકી કર્યું છે. વિજ્ઞાનનાં નવા ક્ષેત્રોનો ઉદભવ અને ટેકનોલોજીમાં ઝડપી વિકાસને ધ્યાનમાં રાખી આ એવોર્ડમાં મુખ્યમંત્રીશ્રી ધ્વારા પ્રશસિતપત્ર, સ્મૃતિશીલ્ડ અને એક લાખ રોકડા એનાયત કરવામાં આવે છે. અત્યાર સુધીમાં આવા ૩૨ પ્રિતભાવન યુવા વિજ્ઞાનીઓને એવોર્ડ એનાયત થઇ ચૂકયા છે.
પોતાના આગવા સંશોધન ધ્વારા કંઇક નવું યંત્ર, તેની થિયરી, ટેકનોલોજી, પક્રિયા કે સાધન શોધનાર વિજ્ઞાની અથવા વિજ્ઞાનીઓનું જુથ આ એવોર્ડ માટે ધ્યાનમાં લેવામાં આવે છે.

- ઉદ્યોગ, ઉર્જા, પર્યાવરણ, ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને બાયોટેકનોલોજીના ક્ષેત્રોમાં એવોર્ડ આપવા માટે રાજયના અગ્રગણ્ય દૈનિકોમાં જાહેરાત આપી વૈજ્ઞાનિકો/સંશોધનું કાર્ય કરતી સંસ્થાઓ/કોલેજો/યુનિવર્સિટીઓ પાસેથી નિયત ફોર્મમાં દરખાસ્તને મેળવવામાં આવે છે.
- આવેલ દરખાસ્તોની નિયત ફોર્મમાં છે કે નહીં તેની ચકાસણી ગુજકોસ્ટના અધિકારીઓ ધ્વારા કરવામાં આવે છે.
- ત્યારબાદ એવોર્ડ અંગેની નિષ્ણાત સમિતિ આવેલ દરખાસ્તોની ચકાસણી કરે છે અને યોગ્ય જણાયેલ દરખાસ્તો જે તે વિષયના ત્રણ થી ચાર નિષ્ણાતોને અભિપ્રાય માટે મોકલી આપવામાં આવે છે.
- વિષય નિષ્ણાતોએ ભલામણ કરેલ દરખાસ્તો અન્વયે જે તે વૈજ્ઞાનિક/સંશોધકને એવોર્ડ માટેની નિષ્ણાત સમિતિ સમક્ષ નિદર્શન માટે બોલાવવામાં આવે છે.

- ➢ નિદર્શન બાદ એવોર્ડ માટેની નિષ્ણાત સમિતિએ કરેલ ભલામણ અન્વયે સરકારની મંજુરી મેળવી એવોર્ડ આપવામાં આવે છે.

<u>**અન્ય વૈજ્ઞાનિક પ્રવૃતિઓ**</u>

રાજયના સંશોધકોને મદદરૂપ થવા માટે ટાઇફેક, નવી દિલ્હીના સહયોગમાં પેટન્ટ ઇન્ફોર્મેશન સેન્ટર શરૂ કરવામાં આવેલ છે. જે દ્વારા બૌદ્ધિક સંપદાની જાગ્રૂતિ અંગેના વિવિધ સેમિનાર કરવામાં આવશે તેમજ આવા સેમિનારમાં ભાગ લેવામાં આવશે. રાજયની પાંચ યુનિવર્સટીઓમાં પેટન્ટ સેલની સ્થાપના કરવામાં આવી છે. જેના દ્વારા પણ પેટન્ટ જાગ્રૂતિની પ્રવૃતિઓ કરવામાં આવશે. વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ, ભારત સરકારના સહયોગમાં એક ટેકનોલોજી ટ્રાન્સફર પ્રોજેક્ટ પુર્ણ કરવામાં આવ્યો છે. વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ, ભારત સરકારની વિવિધ યોજનાઓનો લાભ મળે તે માટે ઘણાં સંશોધનો પ્રોજેક્ટને આર્થિક સહાય માટે ભલામણ કરવામાં આવેલ છે.

- વિધાર્થીઓ/શિક્ષકો/લોકોમાં ઇન્ટેલ્કચ્યુઅલ પ્રોપર્ટી રાઇટ (IPR) પ્રત્યે જગ્રૂતતા કેળવવા માટે ૦૨ વર્કશોપ/સેમિનાર/ટ્રેનીંગ પ્રોગ્રામ કરવામાં આવેલ છે.
- ભારત સરકારનાં MSME વિભાગ દ્વારા પ્રાયોજીત Intellectual Patent Facilitation Centre (IPFC) ની સ્થાપના કરવામાં આવેલ છે. જેના દ્વારા માઇક્રોમ નાના અને મધ્યમ ઉધોગોના ટ્રેડ્માર્ક અને ડિઝાઇન રજીસ્ટ્રેશને લગતા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવેલ છે. ઉધોગોમાં ઇન્ટેલ્કચ્યુઅલ પ્રોપર્ટી રાઇટ (IPR) પ્રત્યે જગ્રૂતતા કેળવવા માટે ૦૪ વર્કશોપ/સેમિનાર/ટ્રેનીંગ પ્રોગ્રામ કરવામાં આવેલ છે.
- વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ, ભારત સરકારની વિવિધ યોજનઓને લાભ મળે તે માટે ઘણા સંશોધન પ્રોજેકટ્ને આર્થિક સહાય માટે ભલામણ કરવામાં આવેલ છે.

**(૧) પેટન્ટ ઇન્ફોર્મેશન સેન્ટર (પીઆઇસી) :**

ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ દ્વારા ગાંધીનગર ગુજકોસ્ટ્ના નેજા હેઠળ પેટન્ટ ઇન્ફોર્મેશન સેન્ટર ગુજરાતની સ્થાપના થઇ છે. અહીં ટ્રેડમાર્ક, પેટન્ટ, કોપીરાઇટ વગેરેના રજિસ્ટ્રેશન માટે માહિતી અને મદદ આઅપવામાં આવે છે. ઇન્ટેલેકચુઅલ પ્રોપર્ટી રાઇટ (બૌદ્ધિક મિલકત અધિકાર) અંગે જાગ્રુતિ ફેલાવવાના આશયથી આ કેન્દ્ર વિવિધ

કોલેજોમાં અને યુનિવર્સીટીઓમાં સેમિનારનું આયોજન કરેલ છે. જેથી આ અંગે અને તેને લગતી સમસ્યાઓ વિષે રાજયના લોકોમાં જાગ્રુતિ આવે.

બૌધિક સંપદા અધિકારીઓએ મનની પેદાશ છે. આપણા જીવનના દરેક પાસાંને તે સ્પર્શે છે. બૌધિક સંપદા અધિકારીઓએ માનવ પ્રયત્નનાં દરેક ક્ષેત્રો (વિજ્ઞાન ટેકનોલોજી, સાહિત્ય અને કળા સહિત) નાં સંશોધનો ને સુરક્ષિત કરતા કાયદાઓ છે. કે જે અનધિકૃત સ્પર્ધા સામે તેન સુરક્ષા પ્રદાન કરે છે.

સંશોધકોને સલાહ

- પેટન્ટ અરજી કર્યા પ્હેલા તમારા સંશોધનને પ્રકાશિત/પ્રદર્શિત કરશો નહીં.
- તમારા સંશોધન કાર્યની પધ્ધતિસર નોંધવહી રાખો.
- પેટન્ટ માટેની અરજી કરતા પહેલા તમારા સંશોધનની નવીનતા તેમજ પેટન્ટ માટેની ક્ષમતા ચકાસવા માટે પેટન્ટ સર્ચ કરો / કરાવો.
- ગુપ્તતાના કરાર પર હસ્તાક્ષરો કર્યા સિવાય તમારા સહકાર્યકર કે કોઇપણ વ્યકિતની સાથે તમારા સંશોધન અંગે ચર્ચા કરશો નહીં.
- જેમ બને તેમ જલદીથી પેટન્ટ માટેની અરજી ફાઇલ કરી દો. તમે સંશોધનના કામચલાઉ વિવરણ (પ્રોવિઝનલ સ્પેશીફીકેશન) સાથે પણ અરજી ફાઇલ કરી શકો છો.
- પેટન્ટ એ કાયદા આધારિત તાંત્રિક દસ્તાવેજ છે, આથી પેટન્ટ અરજીમાં દાવાઓ (કલેઇમ) કોઇ અધિકૃત પેટન્ટ મુખત્યાર (એટર્ની) પાસે લખાવા હિતાવહ છે.
- તમારા સહકાર્યકરો અને કર્મચારીઓ સાથે સંશોધન અંગેના તમારા હકકો, વળતર અને અન્ય વ્યાપરિક લાભોથી સ્પષ્ટતા કરી લો.
- તમારા પેટન્ટને ચાલુ રાખવા માટે નિયમિત પણે રીન્યુઅલ ફી ચૂકવાય તેનું ધ્યાન રાખો. તમારા બૌધ્ધિક સંપદા અધિકારીઓની અવધિ દરમિયાન તેનું મહત્તમ વ્યાપરિક વળતર મળી રહે તેવી વ્યવસ્થા કરો.
- કોમ્પ્યુટર પ્રોગ્રામનું અલગથી પેટન્ટ મેળવવું ભારતમાં શકય નથી. પરંતું તેનો કોપીરાઇટ જરૂર મેળવી શકાય છે. અલબત્ત વિદેશોમાં તેનું પેટન્ટ મળી શકે છે.

**<u>પેટન્ટ ઇન્ફર્મેશન સેન્ટર, ગાંધીનગર ધ્વારા પુરી પડાતી સેવાઓ</u>**

- **પેટન્ટ સર્ચ**
- યુનિવર્સિટીઓ, સરકારી સંસ્થાઓ, સંશોધન – વિકાસ તેમજ શૈક્ષણિક સંસ્થાઓને નિઃશુલ્ક સેવાઓ આપવામાં આવે છે.

- વ્યકિતગત ધોરણે / ખાનગી સંસ્થાઓને રૂ.૩૦૦૦/- પ્રતિ દેશ પ્રતિ સર્ચના ધોરણે મૂલ્યવર્ધિત સેવાઓ આપવામાં આવે છે.સ્વાયત્ત સંસ્થાઓને ઉપરના મૂલ્યના ૩૦ ટકાના દરે સેવાઓ અપાય છે.
- પેટન્ટ, કોપીરાઇટ, ડીઝાઇન, ભૌગોલિક સંકેતો તેમજ અન્ય બૌધ્ધિક સંપદાના રજીસ્ટ્રેશન માટે ટેકનીકલ, નાણાંકીય તેમજ કાયદાકીય મદદ.
- પેટન્ટ માહિતીનું વિશ્લેષણ
- પરિસંવાદ, વ્યાખ્યાન અને કાર્યશાળાઓ ધ્વારા જાગૃતિના કાર્યક્રમો.
- કુલ ટેક્ષ પેટન્ટ દસ્તાવેજ જાગૃતિ